ઉર્મિલા વાઘમશી - 8758609964
urmila.vaghmashia4@gmail.com

# " દિવ્યાંગ માટેનો સમાવેશી સમાજ - મારું સપનું. "

" સ્વપ્ન એક અનોખું સેવ્યું છે મેં આજ,
એકમેકનો સાથ લઈ વિશ્વ બને દિવ્યાંગ સમાવેશી સમાજ,
સૌ લોકો ભેગા મળી કરશે જો પ્રયત્ન, તો જ સાકાર થશે
આ અનોખું સ્વપ્ન. "

શું તમે સ્વપ્ન વગરના જીવનની કલ્પના કરી શકો ખરી? આવો પ્રશ્ન જો કોઈને પૂછવામાં આવે તો તેનો જવાબ સો ટકા ના માં જ મળશે. કારણ કે સ્વપ્ન વગરના જીવનની તો લગભગ કલ્પના જ કરવી અશક્ય છે. સ્વપ્ન વગરનું જીવન નકામું છે. એમ જો કહી દેવામાં આવે તો તેમાં જરા પણ અતિશયોક્તિ કહી નહીં કહેવાય. એ જીવન તો જીવન જ શું જેમાં કોઈ સ્વપ્ન જ ન હોય.

આ સાગરરૂપી વિશ્વમાં બુંદરૂપે રહેલ દરેક વ્યક્તિએ કોઈ ને કોઈ સ્વપ્ન તો જરૂર સેવ્યું જ હશે. પછી ભલે ને એ સ્વપ્ન સાવ નાનકડું જ કેમ ન હોય? કારણ કે જરૂરી નથી કે દરેક વ્યક્તિ મોટું જ સ્વપ્ન જુએ. મહત્વનું એ નથી કે સ્વપ્ન હંમેશા મોટું જ હોય. પણ મહત્વનું તો એ છે કે તમે કોઈ સ્વપ્ન સેવ્યું.

વિશ્વની તમામ વ્યક્તિઓની માફક મારું પણ એક એક અનોખું અને અદ્ભુત સ્વપ્ન છે અને હું મારા આ અનોખા અને અદ્ભુત સ્વપ્નને ગમે તે સંજોગે સાકાર થતું જોવા માગું છું. મારા આ સ્વપ્નને સાકાર કરવું કઠિન તો ખૂબ જ છે પરંતુ અશક્ય પણ નથી કારણ કે એવું કહેવાય છે કે, " Nothing is impossible in the world."

ઉર્મિલા



મારુ આ અનોખુ સ્વપ્ન એટલે દિવ્યાંગોનો સમાવેશી સમાજ. આ અનોખુ સ્વપ્ન મારુ છે પણ તેને સાકાર કરવા માટે મારા પ્રયત્નો અને મારા પ્રયાસો તો જરૂરી છે જ. પરંતુ મારુ આ સ્વપ્ન એવું અનોખુ છે જેને સાકાર કરવા માટે સમગ્ર સમાજે પણ પ્રયત્નો કરવા પડશે અને તો જ મારુ આ સ્વપ્ન સાકાર થશે. કારણકે એક સુભાષિતમાં એવુ કહેવાયુ છે કે,
"બહુ જન મળીને જે કરે તે એકે નવ થાય,
સાવરણી હાર સળ્ળ એ સળી એકે શું થાય"!

આ વિશાળ મહાસાગર રૂપી વિશ્વમાં દિવ્યાંગ જનો પણ એક નદી જેવડો હિસ્સો ધરાવે છે, પરંતુ અહીં આપણને પ્રશ્ન એ થાય છે કે જેમ નદી સાગરમાં સમાઈ જાય છે તેમ દિવ્યાંગ જનો આ વિશ્વમાં સમાવિષ્ટ થઈ શક્યા છે ખરા? આ પ્રશ્નના ઉત્તરમાં સંપૂર્ણપણે ના પણ કહી શકાય, કે સંપૂર્ણપણે હા પણ નહી કહી શકાય. કારણકે સમાજમાં કેટલોક અંશ જ એવો છે જે દિવ્યાંગ જનોને પણ સ્થાન આપે છે પરંતુ દિવ્યાંગ જનોને સ્થાન આપનાર વર્ગ કરતા જેમા દિવ્યાંગોનો સમાવેશ ન થયો હોય તેવો વર્ગ ખૂબ જ વિશાળ છે.

આજથી કેટલાક વર્ષો પહેલા દિવ્યાંગોની જે સ્થિતિ હતી તેનુ વર્ણન જો કરવામાં આવે તો ખરેખર પાષાણ હૃદય પણ પિગળી જાય. પ્રાચીન સમયમાં દિવ્યાંગ જનોને પૂર્વજન્મના પાપનું ફળ માનવામાં આવતા હતા. તે સમયમાં દિવ્યાંગ જનોને પોતાના ઘરમાં જ સ્થાન મળી શકતુ ન હતુ. તો પછી સમાજની તો વાત જ કઈ રીતે કરવી. કેટલાક દિવ્યાંગોનું તો માત્ર ઘરના એક ખૂણામાં જ સ્થાન હતુ. દિવ્યાંગ જનોએ પોતાના ઘરના એક ખૂણાને જ પોતાનું

વિશ્વ સમજવું પડતું. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના ઘર અથવા તો પોતાના કુટુંબમાં જ સ્થાન પ્રાપ્ત કરી શકતો ન હોય તો તે સમાજ પાસે તો શું અપેક્ષા રાખી શકે! જ્યારે પરિવાર જ દિવ્યાંગ વ્યક્તિને સ્થાન આપવા તૈયાર નથી તો સમાજ કઈ રીતે એને સ્થાન આપવા તત્પર થાય. જ્યારે સગાસંબંધીઓ જ આપણા ન થઈ શકે તો સમાજ તો ખૂબ જ દૂરની વાત છે. જો દિવ્યાંગોને સમાજમાં સમાવિષ્ટ કરવા હોય તો સૌપ્રથમ તેણે પોતાના કુટુંબમાં જ સ્થાન પ્રાપ્ત કરવું પડશે અને ત્યારે જ તે સમાજમાં સ્થાન મેળવી શકશે.

પહેલા દિવ્યાંગ જનોની જે સ્થિતિ હતી તેની પાછળ પણ કેટલાક કારણો જવાબદાર હતા જેમ કે પહેલાના સમયમાં લોકોમાં સાક્ષરતા અને જાગૃતિનો અભાવ હતો અને તેથી દિવ્યાંગ જનોને બોજરૂપ માનવામાં આવતા હતા. જાગૃતિના અભાવને કારણે તે સમયના લોકો દિવ્યાંગ જનો માટે ખૂબ જ હીન મનોવૃત્તિ ધરાવતા હતા.

વર્તમાન સમયમાં ધીમેધીમે દિવ્યાંગ જનોને સમાજ સ્વીકારતો થયો છે અને દિવ્યાંગ જનોને સમાજમાં સ્થાન પણ પ્રાપ્ત થઈ રહ્યું છે. પ્રવર્તમાન સમયમાં લોકો વધુ સાક્ષર થયા છે અને તેમનામાં દિવ્યાંગ જનો માટે જાગૃતિ પણ વધી છે આજકાલ સમાજનો મોટો વર્ગ દિવ્યાંગોને અને તેમની મુશ્કેલીઓ તથા તેમની અડચણોને સમજતો થયો છે હવે લોકો દિવ્યાંગોને એક દયાપાત્ર વ્યક્તિ તરીકે નહીં પણ એક સશક્ત વ્યક્તિ તરીકે જુએ છે. આજના સમયમાં દિવ્યાંગ વ્યક્તિનું સ્થાન માત્ર ઘરના ખૂણામાં જ રહ્યું નથી, પરંતુ આજનો દિવ્યાંગ તો આ વિશાળ વિશ્વના ખૂણા સુધી પહોંચ્યો છે લગભગ એવું કોઈ નથી જ્યાં

4

દિવ્યાંગ વ્યક્તિ પહોંચી ન શક્યો હોય. આજકાલ આપણને એવા ઘણા સમાચાર મળે છે જેમાં દિવ્યાંગ વ્યક્તિએ પણ ઉચ્ચ શિખર સર કર્યું છે.

પ્રવર્તમાનસમય માં તો સરકારે પણ દિવ્યાંગ જનો માટે કેટલીક યોજનાઓની જોગવાઈ કરી છે અને દિવ્યાંગ જનોને આ જોગવાઈઓનો લાભ પણ મળે છે. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ વિકલાંગો માટે દિવ્યાંગ જેવો દિવ્ય શબ્દ પ્રયોગ કરીને દિવ્યાંગ જનો નું માન વધાર્યું છે તેમણે માત્ર દિવ્યાંગ જનો માટે એક દિવ્ય શબ્દ આપ્યો છે. તેટલું જ નહી, પરંતુ તેઓ દિવ્યાંગ જનો માટે કાર્યરત પણ રહે છે.

અત્યાર સુધી મેં જે અનુભવો કર્યા છે તેના આધારે જ કહું તો કેટલાક સ્થળોએ દિવ્યાંગ જનોને એક સામાન્ય મનુષ્યની દ્રષ્ટિએ જ જોવામાં આવે છે અને એ લોકોને સમાજમાં પણ સમાવિષ્ટ કરવામાં આવે છે પણ કેટલાક સ્થળના લોકો દિવ્યાંગ જનો પ્રત્યેની નીચી માનસિકતાના વલણ થી હજુ પણ પીડાય છે અત્યારે પણ કેટલાક લોકો તેમના તરફ દયાની દ્રષ્ટિ રાખે છે. જેમકે હાલમાં હું જે શહેરમાં રહું છું તે શહેર એટલે કે અમદાવાદમાં લોકો દિવ્યાંગ જનો માટે ખૂબ જ જાગૃતિ ધરાવે છે અને આ એક ખૂબ જ પ્રશંસનીય બાબત છે પરંતુ મારૂ મૂળ વતન જે સુરત શહેર છે તેમાં દિવ્યાંગો માટે હજુ જાગૃતિની જરૂર છે. એટલે સમાજ દિવ્યાંગ જનો પ્રત્યેના મનોવલણમાં પરિવર્તન ચોક્કસ આવ્યું છે પરંતુ હજુ પણ કેટલેક અંશે તેમાં ખામી છે અને આ ખામી જો દૂર કરી દેવામાં આવે તો અને તો જ આ સમાજ દિવ્યાંગ સમાવેશી સમાજ બની શકશે.

જો મારા દિવ્યાંગોના સમાવેશી સમાજ ના સ્વપ્નને સાકાર કરવું હોય તો તે માટે વિશ્વની દરેક વ્યક્તિએ સૌપ્રથમ દિવ્યાંગો પ્રત્યેની માનસિકતા બદલવી પડશે. કેટલીક વ્યક્તિઓ એવી હોય છે જે દિવ્યાંગો પ્રત્યે ખૂબ જ નીચી માનસિકતા ધરાવે છે. આ માનસિકતાને જડમૂળથી નાબૂદ કરવી પડશે. દિવ્યાંગો તરફ દયાની દૃષ્ટિ રાખવાને બદલે તેમને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. કારણકે, જો તેમના તરફ દયા દાખવવામાં આવે તો તેમનો આત્મવિશ્વાસ ઘટે છે. પરંતુ જો તેમને પ્રોત્સાહન આપવામાં આવે તો તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

કેટલાક સામાજિક પ્રસંગોમાં પણ એવું બને છે કે જ્યાં દિવ્યાંગોને બિચારા ગણી અથવા તો તેમના તરફ દયા દર્શાવીને તેમને લાચાર બનાવી દેવામાં આવે છે. પરંતુ આમ કરવાને બદલે તેમને પણ જો સામાજિક પ્રવૃત્તિ અથવા સામાજિક પ્રસંગમાં સામેલ કરવામાં આવે તો તેને પણ પ્રોત્સાહન મળે છે અને તેમની સંકુચિતતા પણ દૂર થાય છે. એક દિવ્યાંગ વ્યક્તિ પણ એ બધુ જ કરી શકે છે જે એક સામાન્ય વ્યક્તિ કરી શકે છે. ભલે ઈશ્વરે કદાચ કોઈક ઈન્દ્રિય છિનવી લીધી હોય પરંતુ તેની બીજી ઈન્દ્રિય વધારે સક્રિય હોય છે. આથી તેમને અશક્ત ન ગણવા જોઈએ.

જો દિવ્યાંગ સમાવેશી સમાજની રચના કરવી હોય તો એક એવી વ્યવસ્થા ઊભી કરવી પડશે જેમાં એક સામાન્ય માણસ અને દિવ્યાંગ આ બંને વ્યક્તિઓ સાથે મળીને કામ કરી શકે. આજના જોવું તે પ્રમાણે દિવ્યાંગજનોને વર્તમાન સમયમાં સામાન્ય સમાજમાં સ્થાન તો પ્રાપ્ત થયું છે

પરંતુ તેમાં હજુ થોડી ક્ષતિ જોવા મળે છે. જેમકે જ્યારે કોઈ સ્પર્ધા અથવા તો તેના જેવી બીજુ કોઈ પ્રવૃત્તિનુ આયોજન કરવામાં આવે છે ત્યારે દિવ્યાંગ જનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે છે આમ કરવાથી દિવ્યાંગ જનો તેમાં સામેલ તો થાય છે પરંતુ તેઓ એક દિવ્યાંગ સમાજ માં સમાવિષ્ટ થાય છે. આ વખતે તેઓ સામાન્ય સમાજ માં સમાવિષ્ટ થઈ શકતા નથી. આથી તેમની પ્રતિભા દિવ્યાંગોની વચ્ચે સિમીત રહી જાય છે. તેઓ તેમની પ્રતિભાને સામાન્ય મનુષ્યની સમક્ષ વ્યક્ત કરવાનો મોકો મેળવી શકતા નથી. પરંતુ આમ કરવાને બદલે એવી પ્રવૃત્તિઓનુ આયોજન કરવામાં આવે જેમાં એક સામાન્ય મનુષ્ય અને દિવ્યાંગ વ્યક્તિ બંને સમકક્ષ રીતે ભાગ લઈ શકે જો આમ કરવામાં આવશે તો દિવ્યાંગ જનોની પ્રતિભાને એક નવું પગથિયું મળશે અને તેમની પ્રતિભા વધારે ખીલી ઉઠશે.

આવી અનેક પ્રવૃત્તિઓ છે જેમાં એક સામાન્ય વ્યક્તિ અને એક દિવ્યાંગ વ્યક્તિ સમકક્ષ રીતે ભાગ લઈ શકે છે. જેમકે કોઈક જ્યારે કોઈ ગાયન સ્પર્ધાનો આયોજન કરવામાં આવે તો તેમાં સામાન્ય વ્યક્તિની સાથે સાથે જે દિવ્યાંગ વ્યક્તિમાં સંગીતની પ્રતિભા રહેલી છે તે વ્યક્તિ પણ ભાગ લઈ શકે. અને સમાજને પોતાની અદ્ભુત પ્રતિભાના દર્શન કરાવી શકે. જેનાથી સામાન્ય સમાજ અને દિવ્યાંગ વ્યક્તિ બંનેને લાભ થઈ શકશે. કારણકે બંને વ્યક્તિને પોતાના માં રહેલી ઊણપને બચવાનો અને એ ઉણપને પૂરી કરવાનો અવસર મળે. આ પ્રકારના તો બીજા ઘણા બધા એવા પ્રસંગો યોજી શકાય એક દિવ્યાંગ અને એક સામાન્ય વ્યક્તિ બંને ભાગ

લઈ શકે અને એડીસનને પ્રોત્સાહિત કરી શકે, દિવ્યાંગો માટેના સમાવેશી સમાજની રચના કરવી હોય તો માત્ર તેમાં સામાન્ય લોકોની ભૂમિકાની જ જરૂર નથી. દિવ્યાંગોની ભૂમિકા પણ એમાં એટલી જ મહત્વની છે, કારણકે જ્યારે દિવ્યાંગ વ્યક્તિ દસ કદમ આગળ વધશે ત્યારે જ સામાન્ય વ્યક્તિ એક કદમ આગળ વધશે. જો દિવ્યાંગ વ્યક્તિઓ જ હાથ પર હાથ ધરીને બેસી રહેશે તો દિવ્યાંગ સમાવેશી સમાજનું સપનું સાકાર જ નહીં થાય કારણકે તાળી કોઈ દિવસ એક હાથે વાગી શકતી નથી. દિવ્યાંગ જનોએ એવા કાર્યો કરવા પડશે જેનાથી સામાન્ય સમાજ પ્રભાવિત થાય અને તેમને સમાવિષ્ટ કરવા માટે મજબૂર બને. દિવ્યાંગ વ્યક્તિઓએ એવા ઉન્નતિના શિખરે પહોંચવું પડશે કે જ્યાં સુધી પહોંચવા માટે સામાન્ય સમાજે પણ તેનો હાથ ઝાલવો જ પડે. આમ જો બંને બાજુથી સમાન પ્રયત્નો કરવામાં આવશે તો એક દિવસ દિવ્યાંગ સમાવેશી સમાજની રચના જરૂર થશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

દિવ્યાંગોના સમાવેશી સમાજ આ સપનાને જો સાકાર કરવું હોય તો તેની શરૂઆત એક કુટુંબમાંથી કરવી પડશે. કેમ કે જ્યારે ઘર કે કુટુંબ વ્યક્તિને સમજી શકશે તો જ સમાજ તેને સમજી શકશે. આ સપનું માત્ર એક વ્યક્તિથી સાકાર નહીં થાય. આ સપનાને સાકાર કરવા માટે સમાજના સહિયારા પ્રયાસથી દિવ્યાંગ સમાવેશી સમાજનું સપનું સાકાર થશે.

દિવ્યાંગોનો સમાજમાં સમાવેશ કરવાથી તેનો લાભ માત્ર દિવ્યાંગ જનોને મળશે તેવું નથી. આપણી પાસે એવા અનેક ઉદાહરણો ઉપલબ્ધ છે

જેમાં એક દિવ્યાંગ જનના કારણે આખા સમાજને ફાયદો થયો હોય. આપણે સૌ એ સ્ટીફન હોકિન્સ નું નામ તો સાંભળ્યુ જ છે, તે આ દુનિયાના મહાન વ્યક્તિ હતા. તેમનું આખુ શરીર લકવાગ્રસ્ત હતું. માત્ર તેમનો મગજ જ સક્રિય હતું. આમ છતાં તેમણે વિશ્વને ને બ્રહ્માંડ વિશેનો જ્ઞાન પૂરૂ પાડ્યુ તે કદાચ એક સામાન્ય વ્યક્તિ પણ ન કરી શકે. આ વસ્તુ ત્યારે જ શક્ય બની શકી જ્યારે તેમના કુટુંબ અને તેમના સમાજે તેમને સ્વીકાર્યા અને તેમને સહકાર આપ્યો. જો આમ ન થયું હોય તો કદાચ આ વિશ્વ, બ્રહ્માંડના એ જ્ઞાનથી વંચિત રહી જાય જે આપણને મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિન્સે પૂરૂ પાડ્યું.

દિવ્યાંગ વ્યક્તિમાં પ્રતિભા તો રહેલી જ હોય છે જરૂર છે માત્ર તેને ખીલવવાની. આપણે સૌ, "જગ્યા ત્યાંથી સવાર", ના સૂત્રને અનુસરીને આ સ્વપ્ન ને સાકાર કરવાનો એક સફળ પ્રયાસ કરીએ અને દિવ્યાંગ સમાવેશી સમાજની રચના કરીએ. જો બધા જ વ્યક્તિઓ એકઠા થઈને આ સ્વપ્ન સાકાર કરવાનો પ્રયત્ન કરશે તો આ સ્વપ્ન જરૂરથી સાકાર થશે. એવુ કહેવાય છે કે, "કદમ સ્થિર હોય તેને રસ્તો કદી નડતો નથી; અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી".

તો ચાલો, આપણે સૌ લોકો મળીને મારા આ અદ્ભુત સ્વપ્ન દિવ્યાંગો માટેનો સમાવેશી સમાજને સાકાર કરવાનો એક સફળ પ્રયાસ કરીએ.

— X —